# ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી

**(આઇ. એસ. ઓ. ૯૦૦૧:૨૦૦૦ પ્રમાણિત સંસ્થા),**

"સમૃધ્ધિ", એનેક્ષી, ૪થો માળ, મકકાઈ પુલ, નાનપુરા, સુરત – ૩૯૫ ૦૦૧

ફોન નં. ૩૯૧૭૭૭૭ ફેકસ નં.૦૨૬૧–૨૪૭૨૩૪૦

E-mail : info@sgcci.com Website : www.sgcci.com

---

રેફ નં. તાઃ ૩૦/૦૧/૨૦૧૦

તંત્રીશ્રી, ______________________________, સુરત.

મે. સાહેબશ્રી,

જત નીચેની પ્રેસ નોટ આપના દૈનિકમાં પ્રસિદ્ધ કરી આભારી કરશોજી.

લિ.

આપનો વિશ્વાસુ,

(ડે. સેક્રેટરી )

---

# ચેમ્બરમાં પોલીસ કમિશ્નરશ્રી શિવાનંદ ઝા સાથે મીટિંગ યોજાઈ

સુરતઃ ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રીના ઉપક્રમે સુરતના કમિશ્નર ઓફ પોલીસ શ્રી શિવાનંદ ઝા (આઈપીએસ) સાથે શહેરના અગ્રણીઓની એક મીટિંગ યોજાઈ હતી.

મુખ્ય મહેમાન પોલિસ કમિશ્નર શ્રી શિવાનંદ ઝા એ પોતાના વકતવ્યમાં જણાવ્યું હતું કે, સુરત એક અનોખુ શહેર છે. ગુજરાતમાં સુરત જેવી બીજી કોઈ જગ્યા નથી. અહિંના લોકોનો સહકાર ઘણો સારો છે. અમે એક ડગલુ ચાલીએ તો લોકો સામે ચાર ડગલા ચાલે છે એટલે વિકાસ સારો થઈ શકે છે. ગુન્હાખોરીના મુદ્દે ગંભીર ગુન્હાઓમાં ગયા વર્ષની સરખામણીમાં ૧૬૦૦ જેટલા ગુન્હાઓનો ઘટાડો જોવા મળ્યો છે. એ દ્રષ્ટિએ શહેરમાં ક્રાઈમ અન્ડર કન્ટ્રોલ ગણાય અને આ વર્ષે પણ વધુ સારી કામગીરી થશે અને ક્રાઈમ રેટમાં ઘટાડો થઈ શકશે. સુરત સોનેરી શહેર છે પરંતુ તેના પર ત્રાસવાદની કાળી નજર પડી છે એ કમનસીબ બાબત છે. સદનસીબે અહી મુકાયેલા ૨૯ પૈકી એકપણ બોમ્બ ફુટયો ન હતો છતા પણ ત્રાસવાદની નજર આપણા શહેર પર છે એ વાત ભુલવા જેવી નથી. પોલિસ તો તમામ પ્રયાસ કરશેજ પરંતુ અમારા માટે આંખ–કાન તો શહેરી જનોજ છે એટલે અમને માહિતી પહોંચાડતા રહેશો તો અમે વધુ સારી રીતે સુરક્ષા વ્યવસ્થા ગોઠવી શકીશું. ટ્રાફીક સમસ્યા ખરેખર ગંભીર છેજ અને તેના ઉકેલ માટે મહાનગર પાલિકા સાથે મળીને મલ્ટીલેવલ પાર્કિંગ અને જયાં રાહદારીઓનો ઘસારો વધારે હોય ત્યાં ફુટ ઓવરબ્રિજનું આયોજન પણ થઈ રહયું છે. સી.સી. ટી.વી. ના મુદ્દે એક સારા સમાચાર છે કે રાજય સરકારે સી.સી.ટી.વી. માટે આ વર્ષે રૂા. ૫ કરોડની ફાળવણી કરી છે જૈ પૈકી રૂા. બે કરોડ સુરતને, બે કરોડ અમદાવાદને, એક કરોડ વડોદરાને મળશે. પંરતુ સુરત માટે આ રકમ ઘણી ઓછી છે કેમ કે, ઘણા સ્થાનોએ ખાસ કરીને માર્કેટ વિસ્તારમાં જો અલગથી કેમેરા ગોઠવવામાં આવે અને તેને પોલિસના સી.સી.ટી.વી. કેમેરા નેટવર્ક સાથે જોડવામાં આવે તો ઘણુ સારૂ પરિણામ મળી શકે આને માટે સંસ્થાઓએ આગળ આવવાની ખાસ જરૂર છે. ટ્રાફીક ના મુદ્દે ત્રણ 'ઈ' મહત્વના છે. ટ્રાફીક એજયુકેશન, ટ્રાફીક એન્જીનીયરીંગ અને ટ્રાફીક એન્ફોર્સમેન્ટ. આ ત્રણેય મુદ્દે શહેરમાં કામગીરી જે રીતે ચાલી રહી છે તે જોતા ટ્રાફીક સમસ્યાનુ નિરાકરણ આવનારા સમયમાં જરૂરથી જોવા મળશે. કાયદો અને વ્યવસ્થાની સ્થિતી શહેરમાં ઘણીજ સારી છે કેમ કે સુરત સ્વયં નિયત્રીત શહેર છે. આ શહેરમાં અમે તો થોડા સમય માટેજ આવતા હોઈએ છે છતા તે સમયમાં કંઈક એવુ કરવાની ઈચ્છા રહે છે કે,શહેર અમને હંમેશા યાદ રાખે.

ચેમ્બર પ્રમુખશ્રી નિલેશ વી.માંડલેવાળાએ સ્વાગત પ્રવચનમાં કહયું હતું કે,સુરતની સૌથી મોટી સમસ્યા આજે ટ્રાફિક વ્યવસ્થાપનની છે. શહેરની વસ્તી ૧૦ લાખ થી વધી આજે ૪૦ લાખ થઈ છે. શહેરનો વિસ્તાર ૧૦૦ ચો. કિલોમીટર થી વધી આજે ૩૫૦ ચો.કિલોમીટર થયો છે અને ત્રણ વ્યકિતએ એક વાહન હોવાને કારણે શહેરમાં વાહનોની સંખ્યામાં પણ ઘણો વધારો થયો છે, અને આને કારણે ટ્રાફિકની સમસ્યા વિકટ બનતી જાય છે. શહેરના

સ્ટેશન વિસ્તાર અને ટેક્ષ્ટાઈલ માર્કેટ વિસ્તારમાં આ સમસ્યા વધુ ગંભીર છે. લોકોમાં ટ્રાફીક સેન્સ આવે અને પોતાની જવાબદારી સમજે તો આ સમસ્યા આંશિકરીતે ઉકેલી શકાય, આ બાબતે તંત્ર ધ્વારા ટ્રાફીક સપ્તાહની ઉજવણી કરવામાં આવી હતી અને તેમાં લોકો જાગૃત થયા છે. આપણા કમિશનર સાહેબે ટ્રાફિક સમસ્યાને માત્ર ટ્રાફિક સપ્તાહ પુરતી રાખી નથી પરંતું સતત ધ્યાન આપે છે એટલે લોકોએ પણ સિવિક સેન્સ કેળવવી જોઈએ કેમકે જે કામ માત્ર કાયદાઓથી નથી થઈ શકતા એ સમજદારીથી થઈ શકે છે. સાહેબશ્રી ધ્વારા ટ્રાફીક સપ્તાહ બાદ પણ જે ફોલોઅપનું કાર્ય કરવામાં આવ્યું રહયુ છે તે ખરેખર અભિનંદને પાત્ર છે. તેમણે કહયું હતું કે,કર્કશ હોર્નને કારણે સર્જાતા ધ્વનિ પ્રદુષણ અંગે પણ જનજાગૃતિ જરૂરી છે. ડાર્ક ફિલ્મ અને ફેન્સી નંબર પ્લેટ ને કારણે પણ ઘણી વખત સમસ્યાઓ સર્જાય છે તે અંગે પણ જાગૃતતા કેળવવાની ખાસ જરૂર છે. ચાર રસ્તા પાસે સી.સી. કેમેરા ગોઠવવા, ઓટોમેટીક ટ્રાફીક સિસ્ટમ ચાલુ કરવી જોઈએ, રોંગ સાઈડ થી આવતા વાહનો માટે ઓટોમેટીક સાઈરન સિસ્ટમ, ટ્રાફીક સિગ્નલ પર ભિક્ષુકો તેમજ નિરાધાર હાલતમાં ફરતા માનસિક વ્યકિતઓ સામે યોગ્ય કાર્યવાહી કરવા માટે ઘટતુ કરવા અનુરોધ કર્યો હતો.

સુરત ટેક્ષ્ટાઈલ અને ડાયમંડ ક્ષેત્રે જે રીતે હરણફાળ ભરી રહયુ છે, સુરત ટેક્ષ્ટાઈલનું હબ છે,અહીં ૬ લાખથી વધુ લુમ્સ છે,૪૫૦ પ્રોસેસીગ હાઉસ અને ૫૦ હજારથી વધુ એમ્બ્રોઈડરી મશીન છે.૧૫૦ માર્કેટમાં ૪૦ હજારથી વધુ દુકાનો છે, રોજનું ૨.૫૦ કરોડ મીટર ગ્રે કાપડનું ઉત્પાદન થાય છે, આ ઉદ્યોગ ૧૦ થી ૧૨ લાખ લોકોને રોજીગારી પુરી પાડે છે ત્યારે માર્કેટમાં ઉઠામણાના પ્રશ્નો તેમજ ચોરીના બનાવો પણ એટલાજ ઉપસ્થિત થતા રહયા છે તો આ સંજોગોમાં વેપારી ધ્વારા તો જાગૃતતા રાખવામાં આવે પરંતુ પોલિસ તંત્ર ધ્વારા પણ આ બાબતે ધ્યાન આપવામાં આવે તે ઈચ્છનીય છે.

પોલિસ કમિશ્નશ્રીએ સુરતમાં કાર્યભાર સંભાળ્યા પછી વેપાર ઉદ્યોગના પ્રશ્નો બાબતે પણ હકારાત્મક અભિગમ દાખવી હોટલ્સ તથા ખાણી પીણી ના સ્ટોલ માટે રાત્ર દરમ્યાનની સમય મર્યાદામાં જે વધારો કર્યો તે ખરેખર સરાહનીય છે. સુરત માટે લાંછનરૂપ એવા ગેંગરેપના કેસ બાદ વહેલી સવાહે ચાલતા કોચીંગ કલાસ માટે પણ જે હુકમનામુ બહાર પાડયુ, સાથો સાથ હાઈસ્કુલ તથા કોલેજની વિદ્યાર્થીનીઓ માટે ટ્રેનીગનુ આયોજન, વાહન ચેકિંગ, સ્ટુડન્ટ મોબાઈલ વેન, સક્રિય ગુન્હેગારો વિરૂઘ્ધ પાસા તડીપારના પગલા અને ગણપતિ વિસર્જન દરમ્યાન "કિવક રિસ્પોન્સ" ટિમની રચના, વિગેરે કાર્યો ખરેખર અભિનંદને પાત્ર છે. ભગવાન શંકરના નામ લેવાથી જે આનંદ પ્રાપ્ત થાય તેજ આનંદ માનનીય પોલિસ કમિશ્નરશ્રી, શ્રી શિવાનંદ એટલે કે શિવ + આંનદ, સુરત શહેરને મળ્યા છે ખરેખર ગૌરવવંતી બાબત છે.

ઉપરોકત સભામાં ડે. પોલિસ કમિશ્નર શ્રી એ.જી. ચૌહાણ (ટ્રાફીક) તથા શહેરના અગ્રણીઓ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહયા હતા.

ત્યારબાદ પ્રશ્નોત્તરી દરમ્યાન ઉપસ્થિત શ્રોતાઓએ પુછેલા પ્રશ્નોના પોલિસ કમિશ્નરશ્રીએ સંતોષકારક ઉત્તરો આપ્યા હતા.

અંતમાં ચેમ્બરના ઉપપ્રમુખ ડૉ. અજોય ભટ્ટાચાર્યએ આભારવિધી આટોપી હતી.